# ઉપસંહાર : પ્રેમની દિશામાં. . .

૧૫ ફેબ્રુઆરી, ૨૦૨૪

આત્મીય પાઠક,

અત્યાર સુધી તો તમે શિખામણોને વાંચી લીધી હશે. તમે તેને સાંભળી લીધી હશે; તમે ચિંતન કરતી વખતે શિખામણ સાથે આપવામાં આવેલા સંગીતને તમારા ચિંતનની ઉપર, નીચે અને ચારેબાજુ ગુંજવા દીધું હશે. સંત વેલેન્ટાઇન દિવસના ઉપલક્ષમાં, શ્રીગુરુમાઈએ આપણને ‘પ્રેમની દિશામાં’ — પ્રેમ પર તેમની શિખામણોનો એક અદ્‌ભુત સંગ્રહ પ્રદાન કર્યો છે, અને સિદ્ધયોગ પથ વેબસાઇટ પર ૧ ફેબ્રુઆરીથી ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૪ સુધી દરરોજ એક-એક કરીને એ શિખામણોને પ્રકાશિત કરવામાં આવી છે.

તમે આ શિખામણો સાથે કાર્યરત થયા છો, એ વાત પર મને એટલા માટે પૂરો વિશ્વાસ છે કારણકે — તમે જ એવું કહ્યું છે! અથવા તો, વધારે સ્પષ્ટતાથી કહું તો તમે વેબસાઈટ પર તમારી અંતર્દષ્ટિઓ અને અનુભવો મોકલી રહ્યાં છો. તમારા અનુભવો અને સમજ વાંચીને મને ખૂબ આનંદ થયો; ઘણાં બધાં લોકો જે લેખો અને પુસ્તકો વાંચે છે, તેઓ તેના પર ખૂબ જ વિચારીને પોતાની પ્રતિક્રિયા આપશે, પરંતુ મેં જોયું છે કે સિદ્ધયોગીઓ જે અનુભવો મોકલે છે તેમાં એક વિશેષતા હોય છે. એ સ્પષ્ટ છે કે ગુરુમાઈજીએ પોતાની શિખામણોનું અધ્યયન કરવા, તેનો અભ્યાસ કરવા, તેને આત્મસાત્ કરવા અને તમારા દૈનિક જીવનમાં તેનું પરિપાલન કરવા માટે જે શીખવ્યું છે, તેને તમે હૃદયમાં ઉતારો છો. અને અહીં ‘પ્રેમની દિશામાં’, પ્રેમ પર ગુરુમાઈજીના આ માર્ગદર્શનના સંબંધમાં પણ તમે એવું જ કર્યું છે.

એક વાત બહુ રોચક છે; એક તરફ પ્રેમને આપણે બધાં જાણીએ છીએ, સમજીએ છીએ અને આપણે બધાંએ તેનો અનુભવ કર્યો છે. આપણે એ વાતથી પરિચિત છીએ કે પ્રેમ અનેકાનેક રૂપે અભિવ્યક્ત થાય છે — તે હાસ્યાસ્પદ રીતે અભિવ્યક્ત થઈ શકે છે અને પૂર્ણપણે ઉત્કૃષ્ટ રીતે પણ અભિવ્યક્ત થઈ શકે છે. (આપણે બધાંએ જોયું છે કે કેવી રીતે કોઈ વ્યક્તિ પ્રેમના નામે એવો નિર્ણય લે છે જેના પર બની શકે કે સવાલ ઉઠાવવામાં આવે, અને બની શકે કે આપણે પોતે પણ આવો નિર્ણય લીધો હોય!)

થોડાં વર્ષો પહેલાં, હું ગુરુમાઈજી સાથે આ જ વિષય પર વાર્તાલાપ કરી રહી હતી. હું તેમને ‘દીપાવલી ૨૦૨૨’ માટે તેમની કવિતાની એક પંક્તિ વિશે પૂછી રહી હતી. ગુરુમાઈજીએ લખ્યું હતું : *જ્યારે પ્રેમ થઈ જાય છે ત્યારે બધું જ ઉજ્જવલ થઈ જાય છે*. આ પંક્તિએ મારું ધ્યાન આકર્ષિત કર્યું; ગુરુમાઈજીએ “પ્રેમ થઈ જાય છે” વાક્યાંશનો જે પ્રયોગ કર્યો હતો, તેનાથી મારા મનમાં કુતૂહલ પેદા થયું. આ ભાષાને સામાન્ય રીતે રોમાંસ કે

પ્રણય-સંબંધ સાથે જોડવામાં આવે છે, પરંતુ હું સમજી ગઈ હતી કે ગુરુમાઈજી આ કવિતામાં જે પ્રેમ વિશે કહી રહ્યાં છે એ માત્ર તેના સુધી સીમિત નથી.

ગુરુમાઈજીએ સમજાવ્યું કે તેમણે બહુ સમજી-વિચારીને આ વાક્યાંશનો પ્રયોગ કર્યો હતો. 'પ્રેમ થઈ જવો' આ અનુભવને ઘણાં લોકો સારીરીતે જાણે છે — જેમાં એવું લાગે છે કે સૂર્ય પ્રકાશમાં ચમકતું ધુમ્મસ દરેક વસ્તુ પર છવાઈ ગયું છે, કુતૂહલતા ભરેલી એ ક્ષણ જેમાં લાગે છે કે રાત્રિના આકાશના બધા તારાઓ જેટલા બહાર છે, તેટલા જ તમારી અંદર પણ છે. જોકે આ અનુભવ કોઈ વિશિષ્ટ પરિસ્થિતિમાં થતો હશે, તેમ છતાં પ્રેમ થઈ જવાનો આ અનુભવ મૂળભૂત રીતે બૃહદ્દ પ્રેમનો જ એક ભાગ છે. આ રીતે, ગુરુમાઈજી પ્રેમ વિશે જે શીખવે છે તેના માટે આ અનુભવ એક સંદર્ભબિંદુ પ્રદાન કરે છે. ગુરુમાઈજીએ આગળ સમજાવ્યું : "જ્યારે તમે કોઈ વ્યક્તિને અથવા તો કોઈ વૃક્ષને અથવા કોઈપણ વસ્તુને જુઓ છો ત્યારે જે રીતે તમારું હૃદય આહ્લાદિત થઈ જાય છે, પ્રકાશના જે ચમકતા કિરણને તમે મહેસૂસ કરો છો — તે અનુભૂતિ દિવ્ય પ્રેમથી ભિન્ન નથી."

તો પ્રેમનો અનુભવ કરવા માટે ઘણા બધા રસ્તા છે, તેના સુધી પહોંચવાના ઘણાં બધાં પ્રવેશદ્વાર છે અને આપણે તેનાથી સારી રીતે પરિચિત છીએ. સાથેસાથે મેં જોયું છે કે પ્રેમ વિશે ઘણી બધી ગેરસમજ પણ છે. હવે, સૌથી પહેલાં હું એ વાતને સ્વીકારું છું કે એક રોચક પ્રેમકથા વાંચવા અથવા પ્રેમગીતને સાંભળવા માટે હું હંમેશાં તત્પર અને ઉત્સુક રહું છું. (મારા મનમાં તો હું એવું જ માનું છું કે પ્રેમના વિષયમાં હું પારંગત છું.) પરંતુ, મેં જે વાંચ્યું છે, જોયું અને સાંભળ્યું છે — અને મારા જીવનમાં રહેલાં કેટલાંક લોકોએ પણ મને જણાવ્યું છે — તેમાં મેં જોયું છે કે લોકોની વૃત્તિ પ્રેમને પીડા અને દુઃખ સાથે જોડવાની હોય છે. એવું લાગે છે કે સામાન્ય રીતે લોકોની ધારણા છે કે પીડા કે દુઃખ વિના પ્રેમ નહીં મળી શકે. અને જ્યાંસુધી પ્રેમકથાની વાત છે તો પ્રેમની સાથે જોડાયેલો સંઘર્ષ અથવા અનિશ્ચિતતા જ હંમેશાં એ કથાને આગળ વધારે છે, જેને દર્શકો માટે મુખ્ય આકર્ષણ માનવામાં આવે છે. એવું લાગે છે કે સ્વયં પ્રેમ અને તેની સાથે જોડાયેલી ખુશી, શાંતિ, સમર્પણની ભાવનાઓ ક્યારેય એટલી ચિત્તાકર્ષક અથવા નવીનતા ભરેલી નથી હોતી કે તેની સાથે લોકો લાંબા સમય સુધી જોડાઈને રહી શકે.

પરંતુ પ્રેમનો મારો પોતાનો અનુભવ અને ખાસ કરીને એ પ્રેમનો અનુભવ જે ગુરુમાઈજીએ મને બતાવ્યો અને શીખવ્યો છે, તે કંઈક બીજું જ દર્શાવે છે. મને યાદ છે એકવાર ગુરુમાઈજી મને પ્રેમની પ્રકૃતિ અને શિષ્ય માટે શ્રીગુરુના પ્રેમ વિશે સમજાવી રહ્યાં હતાં. તેમણે સીધા મારી આંખોમાં જોઈને મને કહ્યું, "તારા માટે મારો પ્રેમ ક્યારેય ઓછો નહીં થઈ શકે." તેમણે પોતાનો હાથ આકાશ તરફ ઉઠાવ્યો, "આ પ્રેમ ફક્ત ઉપર, વધારે ને વધારે ઉપર જ જઈ શકે છે, વાયુમંડળમાં થઈને બ્રહ્માંડથી પણ ઉપર." તેમણે જમીન તરફ ઇશારો કર્યો. "આ પ્રેમ ફક્ત વધારે ને વધારે ઊંડો જ થઈ શકે છે, આ ધરતીના ગર્ભ સુધી."

હું કહી નથી શકતી કે એ ક્ષણે મારી ઉપરનું આકાશ ખુલી રહ્યું હતું (નિશ્ચિતરૂપે કેટલાક દેવદૂતો ક્યાંક ગાઈ રહ્યા હશે) કે પછી મારા પગની નીચેથી જમીન સરકી રહી હતી. પરંતુ મને તેની એક ઝલક ચોક્કસ પ્રાપ્ત થઈ — મેં જોયું કે ગુરુમાઈજી જે પ્રેમની વાત કરી રહ્યાં છે, તે કેટલો વિશાળ છે, તે અનંતતા સુધી વિસ્તૃત થઈ શકે છે, તેમાં અસીમિત ઊર્જા છે. મને સમજાયું કે મેં એ વિચારવામાં કેટલો બધો સમય વિતાવી દીધો કે આખરે મારા માટે પ્રેમ

હશે કે કેમ — એ વાતની ચિંતા કરવામાં કે તે પ્રેમ ક્યાં સુધી રહેશે, ખબર નહીં તે ક્યારે જતો રહેશે. જોકે સાચો પ્રશ્ન એ હતો કે શું હું પ્રેમને ઓળખી શકીશ — અને પછી, જ્યારે હું તેની ગહનતામાં વધારે ખોજ કરીશ, તો હું શું પામીશ. તેની સંભાવના રોમાંચકારી અને સ્ફૂર્તિદાયક હતી.

આ વાત મને સિદ્ધયોગ પથ વેબસાઇટ પર આપવામાં આવેલી ગુરુમાઈજીની શિખામણો પર લઈ આવે છે. 'પ્રેમની દિશામાં.' તમારી અંતરદષ્ટિઓ અને અનુભવો વાંચીને મને લાગ્યું કે તમે પણ પ્રેમની આ સૂક્ષ્મતાને સમજી લીધી છે, તમે એ સમજી ગયા છો કે પ્રાચીન ભારતના ઋષિમુનિઓ જેને 'દ્વંદ્વ' (સુખ-દુઃખ, લાભ-હાનિ, ઇત્યાદિ) કહીને સંબોધિત કરે છે, પ્રેમ એનાથી અલગ છે અને પરે છે. ઉદાહરણ તરીકે, તમારામાંથી એક વ્યક્તિએ ચોથી શિખામણ વિશે પોતાની સમજ જણાવતા લખ્યું છે : "મેં જાણી લીધું કે પ્રેમનો અનુભવ કરવા માટે મારે તેને *તે જેવો* છે તેવા જ રૂપમાં ઓળખવાનો પ્રયત્ન કરવો પડશે. . . જો હું તેના પર મારી પૂર્વધારણાઓ લાદવાની કોશિશ કરીશ તો તેના કારણે હું પ્રેમનાં સાન્નિધ્ય અને પ્રવાહના રહસ્યમય લોકમાં પ્રવેશ નહીં કરી શકું. . . તે એવું છે જાણે આ જાદુઈ લોક પ્રત્યે સમર્પિત થતા જ મને સહજતાથી એમાં પ્રવેશ કરવાની અનુમતિ મળી ગઈ હોય."

તમારામાંથી ઘણાં લોકોએ 'પ્રેમની દિશામાં' રહેલી ગુરુમાઈજીની શિખામણો વિશેની તમારી સમજને વર્ષ ૨૦૨૪ માટે તેમનાં નવવર્ષ સંદેશના તમારા અધ્યયન સાથે પણ જોડી છે. તમને ગહનતાથી એ સમજાયું કે 'આત્મગૌરવ'માં શું નિહિત છે અને તેના માટે શું આવશ્યક છે. એક સાધકે લખ્યું છે : "આત્મગૌરવ જાળવી રાખવા માટે મારે પ્રેમની કદર કરવી પડશે." તમે 'કૃપા પ્રત્યે ખુલ્લા રહેવા'ની વાત કરી અને તેનાથી પ્રેમની દિશામાં તમારા માર્ગ પર આગળ વધતા તમને જે અંતર્દષ્ટિઓ પ્રાપ્ત થઈ, જે સમજ મળી અને જે સંયોગ તમારી સમક્ષ આવ્યા તેના વિશે પણ તમે લખ્યું. સૌથી મોટી વાત તો એ છે કે તમારા અનુભવો એ વાતનું વર્ણન કરે છે અને પ્રત્યક્ષ રૂપે દર્શાવે પણ છે કે 'તમારી દિવ્યતા સાથે જોડાયેલા રહેવા' માટે તમે કેટલો પ્રયત્ન કરી રહ્યા છો. તમે જણાવ્યું કે પ્રેમને યાદ રાખવાના અને તેની દિશામાં આગળ વધવાના પ્રયત્નો આ આંતરિક જોડાણને જાળવી રાખવાનો ઉપાય છે.

હું આ વર્ણન સાથે સહમત થવા માગું છું. હાલમાં, હું બે સિદ્ધયોગીઓ સાથે વાત કરી રહી હતી, જેઓ એક નાના બાળકનાં માતાપિતા છે. તેમણે મને કહ્યું કે જાન્યુઆરી મહિનામાં એક વિશેષ દિવસે, તેમનો દીકરો સૂતા પહેલાં ગુરુમાઈજી વિશે એક કવિતા લખવાની જીદ કરવા લાગ્યો. અને ત્યારબાદ કેટલાક દિવસો સુધી તેણે એવું જ કર્યું; તે ગુરુમાઈજી પ્રત્યે પોતાના પ્રેમને વ્યક્ત કરવા માટે દરરોજ એક કવિતા લખતો રહ્યો.

જ્યારે મેં આ વાત સાંભળી તો મેં અવિશ્વાસ સાથે સ્મિત કર્યું. વાત એમ છે કે જાન્યુઆરીના એ જ દિવસે ગુરુમાઈજીએ મને કહ્યું હતું કે તેઓ વૅલન્ટાઇન્સ દિવસના ઉપલક્ષમાં, પ્રેમ વિશે દરરોજ એક શિખામણ લખવા ઇચ્છે છે. મારા માટે એ એકદમ સ્પષ્ટ હતું — આ નાનો છોકરો એકલય હતો. અને પોતાના હૃદયમાં પ્રેમનું સન્માન કરીને તે પોતાની રીતે એ સુનિશ્ચિત કરી રહ્યો હતો કે તે 'જોડાયેલો રહે.'

તમને કદાચ યાદ હશે કે ગુરુમાઈજીએ જ તેમના આ વર્ષના સંદેશના સંબંધમાં પ્રેમ વિશે પહેલીવાર વાત કરી હતી. ૭ જાન્યુઆરીના દિવસે શ્રીગુરુગીતા પાઠની જયંતીના સન્માનમાં આયોજિત સત્સંગના સીધા વિડીઓ પ્રસારણ દરમ્યાન, ગુરુમાઈજીએ સત્સંગમાં ઉપસ્થિત ત્રણ સિદ્ધયોગ સ્વામીઓને સંદેશ વિશે પોતાના અનુભવો જણાવવા માટે કહ્યું. ગુરુમાઈજીએ આ સ્વામીઓને પોતાનો અનુભવ અને સમજ જણાવવાનું કહ્યું કારણકે ગુરુમાઈજી જાણે છે કે તેમાંના પ્રત્યેક સ્વામી નવવર્ષ સંદેશનો અભ્યાસ કરવા માટે વિશિષ્ટ યોજના બનાવે છે, અને એટલા માટે તેઓ જે પણ જણાવશે તેનાથી શ્રોતાઓ ઉપયોગી અંતર્દષ્ટિઓ પ્રાપ્ત કરી શકશે.

અપેક્ષા મુજબ જ, ત્રણેય સ્વામીઓએ ખૂબ જ વાસ્તવિક અને ઉપયોગી સમજૂતીઓ આપી. અને આમાંના એક સ્વામીજીએ જે કહ્યું તેનો હું વિશેષરૂપે ઉલ્લેખ કરવા માગું છું. ગુરુમાઈજીના સંદેશનો અભ્યાસ કરવાની તેમની પદ્ધતિ વિશે જણાવ્યા પછી, તેમણે એ વિશે વાત કરી કે તેમના માટે સંદેશના શબ્દોના અર્થને આત્મસાત્ કરવાનું કેટલું સહજ રહ્યું છે — ઉદાહરણ તરીકે, 'આત્મગૌરવમાં માથું ઊંચું રાખીને ઊભા રહો.' પછી, વિનોદવૃત્તિ અને વિનમ્રતા સાથે તેમની લાક્ષણિક શૈલીમાં સ્વામીજીએ કહ્યું : "ખેર, તમે જાણો છો કે આત્મગૌરવ ક્યારેય મારો વિશેષ ગુણ નથી રહ્યો. તેથી એ વિસ્મયજનક હતું."

જ્યારે સ્વામીજીએ આ કહ્યું, ત્યારે ગુરુમાઈજી હસ્યાં; સ્વામીજી હસ્યા; અમે બધાં પણ હસ્યાં! કદાચ તે અપેક્ષિત જ હતું — આ સ્વામીજી બાળકોને અને વયસ્કોને સમાનરૂપે પ્રિય છે, અને તેમનામાં એક વિલક્ષણ ગુણ છે કે તેઓ જ્યાં પણ હોય છે અને જ્યાં પણ જાય છે ત્યાં ખુશી ફેલાવે છે. જ્યારે સ્વામીજી આસપાસ હોય છે ત્યારે તેમના સાન્નિધ્યમાં બધાં લોકો આનંદિત થઈને હસતાં હોય છે.

સ્વામીઓએ પોતાનું સ્થાન ગ્રહણ કર્યું, ત્યારબાદ ગુરુમાઈજીએ સ્મિત કરીને કહ્યું, "હું કંઈક કહેવા માગું છું. સ્વામીજી, તમારામાં મહાન આત્મગૌરવ છે." ગુરુમાઈજીએ આગળ સમજાવ્યું કે આત્મગૌરવ ઘણાં વિભિન્ન રૂપે પ્રગટ થાય છે. તેમણે કહ્યું, આ રીતે આત્મગૌરવ પ્રેમ જેવું જ છે.

પછી ગુરુમાઈજીએ પ્રશ્ન પૂછ્યો : "પ્રેમ શું છે?" જ્યારે અમે બધાં આના પર વિચાર કરી રહ્યાં હતાં, ત્યારે તેમણે આ પ્રશ્નના કેટલાંક સંભવિત ઉત્તરો આપ્યાં — પ્રેમની અંતર્ગત શું-શું સમાવિષ્ટ છે એ વિશે લોકો જે પણ જુદીજુદી વસ્તુઓ કહી શકે એ ગુરુમાઈજીએ જણાવી. મને યાદ છે કે હું ત્યાં એ સમયે વિચારી રહી હતી કે હું તૃપ્ત થઈને એ ક્ષણમાં જ થોભી જાઉં અને ગુરુમાઈજી જે સમજાવી રહ્યાં છે કે પ્રેમ શું છે, તેમાં શું નિહિત છે અને તેના માટે શું આવશ્યક છે તેને સાંભળતી રહું. મનમાં ને મનમાં મારી અંદર એક ઇચ્છા આકાર લઈ રહી હતી. અને જોકે મારી ઇચ્છા તરત જ સાકાર ન થઈ, પરંતુ થોડાં જ અઠવાડિયાઓમાં તે ફળીભૂત થઈ ગઈ, અને તે પણ એટલી ભવ્ય અને સુંદર રીતે જેની હું કદાચ કલ્પના પણ કરી શકતી નહોતી. *પ્રેમની દિશામાં.*

***

વેલેન્ટાઈન્સ દિવસ પર, આપણને 'પ્રેમની દિશામાં'ની અંતિમ શિખામણ પ્રાપ્ત થઈ — જે યથાર્થ રૂપે આ અતુલનીય શિખામણોના સંગ્રહનું ચરમબિંદુ હતું, સમાપન હતું અને તેની સર્વોત્કૃષ્ટ શિખામણ હતી. મને લાગે છે

કે છેલ્લાં બે અઠવાડિયાઓથી આપણે પૂરીરીતે એક અલગ જ લોકમાં હતાં, એક એવા નિરાળા પ્રેમમય વાતાવરણમાં હતાં જેમાં આપણને ભરી-ભરીને મળી રહ્યું હતું અને તમારું, મારું અને આપણા બધાંનું પાત્ર પૂરીરીતે ભરાઈને છલકાઈ ગયું છે. જ્યારે ૧ ફેબ્રુઆરીએ પહેલી શિખામણ પ્રકાશિત થઈ, ત્યારે મારા હૃદયમાં પ્રેમ ઊમડી રહ્યો હતો — આ પ્રેમ કોઈ વિશેષ વસ્તુ માટે નહોતો પણ દરેક વસ્તુ માટે હતો અને સૌથી વધારે મને આ પ્રેમનો અનુભવ ગુરુમાઈજી માટે થઈ રહ્યો હતો. પછી બીજો દિવસ આવ્યો, અને ત્રીજો દિવસ, અને ચોથો દિવસ અને દરેક નવી શિખામણ મારી મનપસંદ શિખામણ બની રહી હતી, અને મારા અનુભવનું સ્વરૂપ તો એવું જ રહ્યું પરંતુ સાથેસાથે તે બદલાઈ પણ રહ્યું હતું — સૌથી પહેલાં હું પ્રેમના ઝરણાને મહસૂસ કરી રહી હતી, અને પછી પુરજોશમાં વહેતી નદીને અને પછી અત્યંત પ્રશાંત સમુદ્રને મહસૂસ કરી રહી હતી. દરરોજ, આ પ્રેમ વિસ્તૃત થઈ રહ્યો હતો; દરરોજ, મને લાગતું હતું કે પ્રેમ માટેની મારી ક્ષમતા વધી રહી છે.

આ બિંદુ પર આવીને, એ અસંભવ લાગે છે કે આ પ્રેમ હજી પણ વિસ્તૃત થઈ શકે છે — તેમછતાં મનના ઊંડાણમાં એક છુપાયેલી લાગણી છે કે એવું થઈ પણ શકે છે. એક વસ્તુ જે આપણે ચોક્કસપણે કરી શકીએ છીએ કે આપણે ‘પ્રેમની દિશામાં’ પ્રદાન કરાયેલી શિખામણો પર વારંવાર પાછા જઈ શકીએ છીએ. આપણે તેની સાથે સંલગ્ન થવાની જુદીજુદી રીતો અજમાવી શકીએ છીએ. અને શું હું તમને એક વિશિષ્ટ ક્રમને અજમાવવાની સલાહ આપી શકું છું? પહેલાં શિખામણને વાંચો, પછી તેને સાંભળો અને પછી એ શિખામણના અંગ્રેજી પેજ પર આપેલા સંગીતને વગાડો, શિખામણને વાંચીને તમે એ ક્ષણે જે ગ્રહણ કર્યું છે, તેના પર મનન કરતાં-કરતાં સંગીતને સાંભળો. આ સંગીતમાં પૅનફ્લુટ (એક પ્રકારની વાંસળી) અને અન્ય ધ્વનિઓ સમાવિષ્ટ છે. સંગીતને સાંભળતી વખતે, ખુલ્લાં રહો અને જુઓ કે તમારી અંદર શું ઉભરીને આવે છે — તમારા મનમાં કયાં-કયાં વિચારો, કલ્પનાઓ અને ચિત્રો દેખાય છે, તમે કયા-કયા કદમ ઉઠાવવા માગો છો. પ્રેરણા કોઈપણ રૂપમાં આવી શકે છે, અને મારા ખ્યાલથી એ કહેવું ઠીક છે, તે આવશે જ.

હું તમને ‘પ્રેમની દિશામાં’ પોસ્ટની સાથે જોવા મળતી એક ડિઝાઇન વિશે થોડુંક જણાવવા માગું છું. હું તેના વિશે જણાવતા પહેલાં એ કહેવા માગું છું કે લગભગ હંમેશાં એવું થાય છે કે જ્યારે તમે સિદ્ધયોગ પથ વેબસાઇટ પર કોઈ ડિઝાઇન જુઓ છો, તો તેની અંદર તમારી આંખોથી તમને જે દેખાય છે તેના કરતાં ઘણી વધારે વિશેષતાઓ છુપાયેલી હોય છે. તેની ખાસ પ્રતીકાત્મકતા હોય છે, તેનું વિશેષ મહત્ત્વ હોય છે. અને અહીં આ પોસ્ટની ડિઝાઇન વિશે પણ એવું જ છે — ખાસ કરીને દરેક શિખામણના અંગ્રેજી પેજ પર નીચેની બાજુ પાંદડાંઓની એક નાની ડાળખીનું ચિત્ર છે. (એટલું જ નહીં, આ પાંદડાંઓ આ પત્રના અંગ્રેજી પેજની ડિઝાઇનમાં પણ જોવાં મળે છે).

આ પાંદડાંઓ કૌરી વૃક્ષના છે, જે મૂળરૂપે ન્યૂઝીલેન્ડમાં જોવા મળે છે. ગુરુમાઈજીએ મને કહ્યું છે કે તેમને એક વિશિષ્ટ કૌરી વૃક્ષની વાર્તાથી પ્રેરણા મળી હતી, જેને માઓરી ભાષામાં ‘ટાને માહૂતા’ કહેવામાં આવે છે અને ઘણીવાર તેને “વનના દેવતા” તરીકે સંબોધિત કરવામાં આવે છે. એવું અનુમાન છે કે આ વૃક્ષ લગભગ બે હજાર વર્ષ જૂનું છે. ગુરુમાઈજીએ કહ્યું, “આ પૃથ્વી ગ્રહ પ્રત્યે પોતાના પ્રેમને કારણે આ વૃક્ષ આટલાં વર્ષોથી ઊભું છે.”

સિદ્ધયોગ પથ વેબસાઇટ પર જોવા મળતી વિભિન્ન ડિઝાઇનો વિશે બીજી એક વાત એ છે કે જેટલું શક્ય હોય, અમે એ બધા અદ્‌ભુત સિદ્ધયોગીઓની સહાયતા લેવાનો પ્રયાસ કરીએ છીએ જેમણે વિશ્વના એ ક્ષેત્રોની યાત્રા કરી હોય, જેની વનસ્પતિ, પ્રાણીઓ અને કલાકૃતિઓ અમે પ્રકાશિત કરવા માગીએ છીએ. ઘણીવાર અમે એ પણ જોઈએ છીએ કે શક્તિપુંજના આર્કાઇવ્સમાં શું સંગ્રહિત છે. એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશનના વેબસાઇટ વિભાગના પ્રમુખ, સંદીપ ક્નોસેલે મને જણાવ્યું કે જ્યારે તેમને ‘પ્રેમની દિશામાં’ પોસ્ટની ડિઝાઇન માટે ગુરુમાઈજી તરફથી નિર્દેશ મળ્યો, તો સંદીપ બરાબર જાણતો હતો કે તેણે કોનો સંપર્ક કરવો જોઈએ — તે એક પરિવારને જાણતો હતો જે ન્યૂઝીલેન્ડના આ પાવન સ્થળ પર ગયો હતો અને સંદીપ અન્ય કેટલાક એવા સિદ્ધયોગીઓને પણ જાણતો હતો જેમણે પણ આ સ્થાનની યાત્રા કરી હતી. થોડા જ સમયમાં, આ લોકો પાસેથી ઘણા બધા ફોટાઓ આવવા લાગ્યા. તે સ્વયં એક હૃદયસ્પર્શી ઉદાહરણ હતું કે કેવી રીતે પ્રેમ જુદાંજુદાં અનેક માધ્યમોથી આવી શકે છે — અને કેવી રીતે એ પ્રેમની પ્રેરણા આપણા સ્મૃતિપટલમાં અંકિત થઈ શકે છે.

હવે આપણે પાછા આવીએ, ‘ટાને માહૂતા’ પર : શું પ્રેમનું આના કરતાં વધારે સારું કોઈ પ્રતીક હોઈ શકે? આ પ્રાચીન વૃક્ષની જેમ જ, પ્રેમ ચિરકાલિક છે. આ મહાન વૃક્ષની જેમ, પ્રેમ નવીન છે, તે સતત પુનર્જીવિત થતો રહે છે. માઓરી પરંપરાનુસાર આ વૃક્ષ વન અને પક્ષીઓનો દેવતા છે. આ વૃક્ષની જેમ જ પ્રેમ આશ્રય આપે છે; પ્રેમ ઊંચે ઉડાન ભરવા માટે સહાયક છે. પૌરાણિક કથામાં આ વૃક્ષને માનવજાતિનો રચયિતા કહેવામાં આવે છે, આ વૃક્ષની જેમ પ્રેમ માનવની આત્માને તેનું સત્ત્વ પ્રદાન કરે છે. આ વૃક્ષની જેમ પ્રેમ મહાકાવ્ય છે. આ વૃક્ષની જેમ પ્રેમ પ્રતિષ્ઠિત છે. પ્રેમ છે, હતો અને સદાય રહેશે.

તમારાંમાંથી ઘણાં લોકોએ પોતાના અનુભવોમાં ગુરુમાઈજીના પુસ્તક, ‘અંતરશુદ્ધિનાં સોપાન’માંથી તેમના ઉત્કૃષ્ટ શબ્દોનો ઉલ્લેખ કર્યો છે : “આદિમાં પ્રેમ. અંતમાં પ્રેમ. મધ્યમાં, આપણે સદ્‌ગુણોનો વિકાસ કરવાનો છે.”[૧] હું જોઈ શકું છું કે પ્રેમની દિશામાં આગળ વધવાનો શું અર્થ છે, એના પર વિચાર કરતી વખતે તમને આ શબ્દોનો વિચાર શા માટે આવ્યો હશે.

આદરસહિત,

ઈશા સરદેસાઈ

© ૨૦૨૪ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.

[૧] સ્વામી ચિદ્વિલાસાનંદ, *અંતરશુદ્ધિનાં સોપાન : દિવ્ય સદ્‌ગુણોનો યોગ*, (ચિત્‌શક્તિ પબ્લિકેશન્સ, ચેન્નઈ, ૨૦૧૩) પૃષ્ઠ ૧૬૦.